**મે.અમદાવાદ ખાતેના મજુર અદાલતના ન્યાયાધીશ શ્રી એ.એમ.શેખ સમક્ષ મુ.અમદાવાદ**
**જી.આઈ.આર. અરજી નં. ૬૪/૨૦૧૯**

**આંક : ૧૦**

અરજદાર : રવિકુમાર વિજયભાઈ,
ગીતાનગર સોસાયટીના છાપરા, ચમનપુરા,
અમદાવાદ.,
૮/૦, ગુજરાત મજદુર યુનીયન,
૭૧, પટેલ ચેમ્બર્સ ને.હા.નં.૮,ખોડીયાર ચાર રસ્તા,
બાપુનગર, અમદાવાદ–૩૮૦૦૨૪.

**વિરુધ્ધ**

સામાવાળા : મેનેજરશ્રી/માલીકશ્રી,
રાજનગર ટેક્ષટાઈલ મીલ્સ,(જીએફપી)
(એ–યુનીટ ઓફ એનટીસી લીમીટેડ)
ઉત્તર ગુજરાત પટેલનગર સોસાયટી સામે,
બાબુપુરા, હરીપુરા, અસારવા, અમદાવાદ–૧૬.

અરજદાર તરફે : વિ.પ્રતિનિધિશ્રી ગોરધનભાઈ પ્રજાપતિ

સામાવાળા તરફે : વિ.વકીલશ્રી બી.એમ.જોષી.

**–: હુકમ :–**

આ કામે અરજદારે જી.આઈ.આર.એકટની કલમ ૭૮, ૭૯ અન્વયે અરજદારને સામાવાળા મીલ્સ કંપની અને તેના વહીવટકર્તાઓએ જી.આઈ.આર.એકટની જોગવાઈઓનુ પાલન ન કરી અરજદારને જાણીબુઝીને કાયદાઓનો ખુલ્લેઆમ ભંગ કરીને મળવાપાત્ર કાયમી પાસ, કાયદાકીય લાભો વિગેરે આજદિન સુધી આપેલ નથી તે દાખલ થયા ત્યારથી ડીફરન્સ સાથે આપે તેવી દાદ માંગતી ખર્ચ અપાવવા સાથે અરજી કરેલ છે અને આંક–૨ ની મનાઈઅરજી કરેલ છે. ત્યારબાદ સામાવાળા તેમના વિ.વકીલ મારફતે હાજર થયેલા અને આંક–૭ થી મનાઈઅરજીનો જવાબ રજુ કરેલ છે. ત્યારબાદ અરજદારના પ્રતિનિધિશ્રી તરફે આંક–૯ થી ભવિષ્યમાં જરુર પડે અરજી રીઓપન કરવાની શરતે અથવા નવી દાખલ કરવાની શરતે તેમાં માંગેલ તમામ દાદ હાલ પુરતી ઉભી રાખી પાછી ખેંચતા હોવાનુ જણાવતા હોય સદર પુરસીશ નોંધવામાં આવેલ છે. આમ, અરજદારના પ્રતિનિધિની આંક–૯ ની વિડ્રો પુરસીશ મુજબ સદરહુ કેસ વિડ્રો કરતા હોય આજરોજ લોકઅદાલતમાં ફેંસલ કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

તારીખ : ૧૩–૫–૨૦૨૩
સ્થળ : અમદાવાદ.

(અબ્બાસમીયા મહંમદમીયા શેખ)
CODE GJ01031
ન્યાયાધીશ,
લેબર કોર્ટ, અમદાવાદ.